**વિકાસ નહીં તો વોટ નહીં** | ફિણાવના ફળિયામાં નેતાઓના પ્રવેશ પર પ્રતિબંધના બેનરો લાગ્યા

# મહુધામાં 15 વર્ષની અવગણના સામે ખ્રિસ્તી સમાજનો ચૂંટણી બહિષ્કાર

**રસ્તા, ગટર** અને પાણી જેવી પાયાની સુવિધાઓ માટે ગ્રામજનોનો આક્રોશ




(પ્રતિનિધિ) નડિયાદ તા.21

મહુધા તાલુકાના ફિણાવ ગામમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ગામના ખ્રિસ્તી સમાજે છેલ્લા 15 વર્ષથી પાયાની સુવિધાઓથી વંચિત રહેતા આ વખતે ચૂંટણીનો સામૂહિક બહિષ્કાર કરવાનો મક્કમ નિર્ણય લીધો છે. 'વિકાસ વગર વોટ નહીં'ના નારા સાથે ગ્રામજનોએ રાજકીય નેતાઓ સામે બાંયો ચડાવી છે. સ્થાનિકોએ ખ્રિસ્તી ફળિયાના નાકે મોટા બેનરો લગાવીને કોઈ પણ પક્ષના ઉમેદવાર કે પ્રચારકને પ્રવેશવાની મનાઈ ફરમાવી દીધી છે.

આ અંગે ગ્રામજનોનો આક્ષેપ છે કે, નેતાઓ માત્ર ચૂંટણી સમયે જ વાયદાઓ કરવા આવે છે અને ત્યારબાદ કોઈ લોકપ્રતિનિધિ મુલાકાત લેવાની તસ્દી લેતા નથી. છેલ્લા દોઢ દાયકાથી આ વિસ્તારના લોકો બિસ્માર રસ્તા, ગટરની અવ્યવસ્થા અને બંધ સ્ટ્રીટ લાઈટો જેવી સમસ્યાઓથી ઝઝૂમી રહ્યા છે. ગટર લાઈનના અભાવે ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે, જ્યારે રાત્રિના અંધારપટને લીધે મહિલાઓ અને બાળકોની સુરક્ષા સામે પણ ખતરો ઉભો થયો છે.

આ વિસ્તારમાં પાણીની સમસ્યા પણ અત્યંત વિકટ બની છે. અગાઉ બનાવાયેલો બોરની વર્તમાન સ્થિતિ અંગે તંત્ર પાસે કોઈ માહિતી નથી. લેખિત અને મૌખિક રજૂઆતો છતાં સમસ્યાઓ ન ઉકેલાતા હવે રહીશોએ આરપારની લડાઈનો મૂડ બનાવ્યો છે. ફિણાવના ખ્રિસ્તી સમાજની વોટર બેંક નિર્ણાયક હોવાથી આ નિર્ણયની અસર સમગ્ર જિલ્લાની રાજનીતિ પર પડી શકે તેમ છે.

## સારસામાં જુગાર રમતા 3 પકડાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.21

આણંદ જિલ્લાના ખંભોળજ પોલીસ સ્ટેશનની ટીમે પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે સારસા ગામમાં દરોડો પાડી જુગાર રમતાં 3 શખસને પકડી પાડ્યાં હતાં.

ખંભોળજ પોલીસની કાર્યવાહી દરમિયાન જાહેરમાં પત્તા-પાના વડે જુગાર રમતા ત્રણ ઇસમોને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. આ શખસોની પુછપરછ કરતાં તે વિશાલકુમાર ચંપકસિંહ રાઠોડ, કિરણકુમાર મહેશભાઇ રાઉલજી અને સલીમભાઇ લાલજીભાઇ પરમાર (તમામ રહે. સારસા)નો સમાવેશ થાય છે. પોલીસે અંગજડતીના રૂ. 820 અને દાવ પરથી રૂ. 540 મળી કુલ રૂ. 1360નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે ખંભોળજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નડિયાદ શહેરમાં ડી.એલ.એડ. દ્વિતીય વર્ષની પરીક્ષાનો પ્રારંભ

**ભાવિ શિક્ષકોનું** મોં મીઠું કરાવી શુભેચ્છાઓ પાઠવી



તસવીરઃ જશવંતસિંહ રાઠોડ

(પ્રતિનિધિ) નડિયાદ તા.21

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રાથમિક શાળાઓ માટે શિક્ષકો તૈયાર કરતા ડી.એલ.એડ કોર્સના દ્વિતીય વર્ષની વાર્ષિક પરીક્ષાનો ગુજરાત રાજ્યની સાથે ખેડા જિલ્લામાં પણ આજથી પ્રારંભ થયો છે. નડિયાદ સ્થિત સરદાર વલ્લભભાઈ સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે પરીક્ષાના પ્રથમ દિવસે વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ પરીક્ષાના પ્રારંભે સંસ્થાના પ્રમુખ દિનશા પટેલ, મંત્રી ભગવતીબેન પંડ્યા, ડાયરેક્ટર નલીનભાઈ પંડ્યા તેમજ આચાર્યા ડૉ. પ્રીતિબેન રાઠોડ અને અધ્યાપકોએ તાલીમાર્થી દીકરીઓને પેન, પુષ્પ અને મોં મીઠું કરાવી પરીક્ષા માટે પ્રોત્સાહક શુભેચ્છાઓ પાઠવી હતી. આ સંસ્થાની વિદ્યાર્થીનીઓ હાલમાં પી એમ પટેલ હાઈસ્કૂલ, ડભાણ ખાતે પરીક્ષા આપી રહી છે.

આ પ્રસંગે આચાર્યા ડો. પ્રીતિબેન રાઠોડે જણાવ્યું હતું કે, ભાવિ શિક્ષકો પોતાની પરીક્ષા શાંત ચિત્તે આપી શકે તે માટે સંસ્થા પરિવાર દ્વારા સતત માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આ પરીક્ષા સાથે જ જિલ્લામાં ભાવિ પ્રાથમિક શિક્ષકોના ઘડતરનો વધુ એક તબક્કો શરૂ થયો છે.

# આણંદમાં ભગવદ્ ગીતા પર વ્યાખ્યાનમાળા યોજાશે

**રાજયોગીની** બી.કે. ઉષાબેન દ્વારા 1લી મેથી ગીતા જ્ઞાન અને રાજયોગનું અમૃત પીરસવામાં આવશે

(પ્રતિનિધિ) આણંદ તા.21

વલ્લભ વિદ્યાનગર સ્થિત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય કેન્દ્ર દ્વારા સંસ્થાના પંચદશક્તિઉત્સવ અને આધ્યાત્મિક સેવાઓના ભાગરૂપે આગામી મે માસમાં એક વિશેષ જ્ઞાન સત્રનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા 32 વર્ષથી ચરોતરમાં કાર્યરત આ સંસ્થા દ્વારા 'વર્લ્ડ ઓફ સાયલન્સ', બાકરોલ અને વિદ્યાનગર કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે 'મેરા ગૌરવ-ભગવદ્ ગીતા' વિષય પર પાંચ દિવસીય વ્યાખ્યાનમાળા યોજાશે.

આ કાર્યક્રમ 1લી મેથી 5મી મે દરમિયાન અક્ષર ફાર્મ, વિદ્યાનગર-ગોપી માર્ગ ખાતે સાંજે 6થી 8-30 કલાકે યોજાશે. આ કાર્યક્રમનું ઉદઘાટન 90 દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવશે. માઉન્ટ આબુથી પધારેલા આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સેલ્ફ-મેનેજમેન્ટ એક્સપર્ટ અને શ્રીમદ્ ભગવદ્ ગીતાના પ્રખર વક્તા રાજયોગીની બી.કે. ઉષાબેન પાંચ દિવસ ગીતાના રહસ્યો સમજાવશે. આ સાથે તણાવમુક્ત જીવન, આત્મ-જ્ઞાન, સ્થિતપ્રજ્ઞ અવસ્થા, કર્મયોગ અને સનાતન સત્ય જેવા ગહન વિષયો પર સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવશે. ગીતાના જ્ઞાન અને સહજ રાજયોગ દ્વારા માનસિક શાંતિની અનુભૂતિ કરાવવા સાથે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં પારિવારિક અને સામાજિક સમસ્યાના સમાધાન પર પણ પ્રકાશ પાડવામાં આવશે.

**'ગણતર' કેવું રહેશે** | અલ્પશિક્ષિત ઉમેદવારોમાં સત્તા માટે થનગનાટ

# પેટલાદ પાલિકાનો 'રિપોર્ટ કાર્ડ' 80 ટકા ઉમેદવાર ધો. 12 પાસ પણ નથી!

**ખાખીના** ચોપડે ચઢેલા 8 'બાહુબલી' હવે પાલિકાના સત્તામંચ સુધી પહોંચવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે




(પ્રતિનિધિ) પેટલાદ તા.21

પેટલાદ પાલિકાના 9 વોર્ડની 36 બેઠકો માટે ચુંટણી યોજાઈ રહી છે. ઉમેદવારી પત્રોની પ્રક્રિયા દરમ્યાન 10 બેઠક બિનહરીફ થઈ હતી. જેથી હવે 26 બેઠકો માટે 26મીના રોજ મતદાન યોજાશે. આ 26 બેઠકો માટે કુલ 56 ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ થનાર છે. પરંતુ સૌથી નોંધપાત્ર બાબત એ છે કે 36 બેઠકો માટે ભરાયેલા 66 ફોર્મ પૈકી 55 જેટલા ઉમેદવારોનું ભણતર માત્ર ધો.12 સુધી જ છે. જ્યારે ફક્ત 11 ઉમેદવાર ગ્રેજ્યુએશન કે તેથી વધુ અભ્યાસ કરેલો છે. આ ચુંટણીમાં 8 જેટલા ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. હાલ ભાજપને સત્તા ટકાવી રાખવા હજી 9 બેઠકો જીતવી જરૂરી છે.

પેટલાદ પાલિકાની ચુંટણી પૂરજોશમાં આગળ વધી રહી છે. પાલિકાના 9 વોર્ડની 36 બેઠકો માટે 82 ઉમેદવારી પત્રો ભરાયા હતા. જેમાંથી 26 જેટલા ઉમેદવારોએ પોતાનું ફોર્મ પરત લઈ લીધા હતા. ગત 15મીએ આખરી યાદી પ્રસિદ્ધ થઈ તે સમયે 36 પૈકી 10 બેઠકો બિનહરીફ થઈ હતી. મેદાનમાં રહેલા 56 ઉમેદવારો ચુંટણી જંગમાં હાલ પ્રચાર પ્રસાર સાથે મતદારોને પોતાની તરફ કરવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. પરંતુ સૌથી ચિંતાજનક બાબત એ છે કે આ 56 અને 10 બિનહરીફ મળી કુલ 66 પૈકી 9 ઉમેદવારો ફક્ત ધોરણ 5 સુધી જ અભ્યાસ કરેલા છે. જ્યારે એસએસસી સુધીનો અભ્યાસ કરેલ 23 અને ધો.12 સુધી પણ 23 મળી કુલ 46 ઉમેદવારો ધો.12થી ઓછું ભણેલા છે.

અહીંયા કુલ 66 પૈકી માત્ર 11 ઉમેદવારોએ ગ્રેજ્યુએશન કે તેથી વધુ અભ્યાસ કરેલો છે. જેમાંથી બિનહરીફ થયેલા 10 પૈકી 4 ઉમેદવારોનો સમાવેશ થાય છે. હવે ગ્રેજ્યુએટ કે તેથી વધુ અભ્યાસ કરેલા 7 પૈકી કેટલા ઉમેદવારો પાલિકાની ખુરશી સુધી પહોંચે છે ? એ આવનાર પરિણામ દ્વારા જાણવા મળશે. પરંતુ 80 ટકા ઉમેદવારો ધો.12 સુધી જ અભ્યાસ કર્યો હોવા છતાં તેઓ પાલિકાનો વહીવટ કરવા થનગની રહ્યા છે. ઉપરાંત હાલ ચુંટણી જંગમાં જે 56 ઉમેદવારો છે તેમાંથી 8 ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. કોમી હુલ્લડો, મારામારી, છેતરપિંડી, દારૂ, જુગાર, ચેક રીટર્ન વગેરે જેવા ગુનાઓના આરોપીઓ બની ચુકેલા 8 જેટલા ઈસમો હાલ ચુંટણી મેદાનમાં છે.

ઐતિહાસિક અને ભવ્ય જાહોજલાલી ધરાવતા આ નગરમાં વેપાર રોજગાર તથા શિક્ષણની સ્થિતી એટલી હદ સુધી કથળી ગઈ છે કે સ્થાનિકો રોજીરોટી મેળવવા, નોકરી તથા અભ્યાસ અર્થે પેટલાદ જોડી અન્ય શહેરો તરફ જઈ રહ્યા છે. જેની પાછળનું મુખ્ય કારણ ઓછું ભણેલા પાલિકાનો વહીવટ કરે છે તથા સબળ નેતૃત્વનો અભાવ હોવાનું મતદારો માની રહ્યા છે.

### ઉમેદવારો આર્થિક રીતે નબળા

પેટલાદ નગર પાલિકાની આર્થિક સ્થિતી ડામાડોળ છે. નગરજનોને આપવામાં આવતા પાણી પુરવઠા તથા ડ્રેનેજ સુવિધાનું લાઈટ બીલ ભરવા પણ પાલિકાને કરોડોની લોન લેવી પડી હતી. પાલિકામાં ભ્રષ્ટાચાર ચરમસીમા પાર પહોંચી ગયો હોવાનું જગજાહેર છે. આમ છતાં ગતબોર્ડના સત્તાધિશો વિકાસની પોકળ ગુલબાંગો પોકારી રહ્યા છે. પરંતુ પાલિકાની આર્થિક રીતે દયનીય સ્થિતી કરવા પાછળનું મુખ્ય કારણ ઉમેદવારોની આર્થિક સ્થિતી નબળી હોવાનું નગરજનોમાં ચર્ચાસ્પદ છે. હાલ ચુંટણી મેદાનમાં જે ઉમેદવારો છે તેમાંથી લગભગ એકપણ કરોડપતિ નથી. આ ઉપરાંત ઉમેદવારોએ રજુ કરેલ એફીડેવીટ મુજબ મોટા ભાગના ઉમેદવારોની આર્થિક સ્થિતી નાજુક હોવા સાથે કેટલાક પાસે પોતાને રહેવા માટેનું ઘર પણ નથી. સરવાળે આ વખતની ચુંટણીમાં મોટા ભાગના ઉમેદવારો ઓછું ભણતર ધરાવતા અને આર્થિક રીતે નબળી સ્થિતી ધરાવતા જોવા મળે છે. હવે જોવાનું એ રહેશે કે આવનાર પાંચ વર્ષ દરમ્યાન પ્રજાને કેવું શાસન મળે છે ?

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજના તોરણા હાઇસ્કૂલના આચાર્ય યોગેશભાઇ પટેલનું 'પ્રજ્ઞા ઋષિ એવોર્ડ' થી સન્માન કરાયું

**કપડવંજ** | કપડવંજ તાલુકાની તોરણા હાઇસ્કૂલના આચાર્ય યોગેશભાઇ પટેલને પરમાર્થ ચેરિટેબલ ટ્રસ્ટ (જોળ) દ્વારા 'પ્રજ્ઞા ઋષિ એવોર્ડ' આપી સન્માનિત કરવામાં આવ્યા છે . આણંદના જોળ ખાતે આયોજિત 33 દીકરીઓના સમૂહ લગ્નોત્સવમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત મહેમાનોની હાજરીમાં આ એવોર્ડ એનાયત કરાયો હતો. શાળામાં શ્રેષ્ઠ શિક્ષણ, શિસ્ત, સ્વચ્છતા અને સંસ્કારોના સિંચન માટે કરેલા વિશેષ યોગદાન બદલ તેમની આ સન્માન માટે પસંદગી કરવામાં આવી હતી. પરમાર્થ ચેરિટેબલ ટ્રસ્ટ દર વર્ષે શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય અને શ્રેષ્ઠ પરિણામ લાવનાર આચાર્ય કે સંસ્થાને આ ગૌરવશાળી એવોર્ડથી નવાજે છે.



### કપડવંજમાં ભગવાન પરશુરામની ભવ્ય શોભાયાત્રા: બ્રહ્મ સમાજ દ્વારા ભક્તિમય માહોલમાં ભવ્ય આયોજન

**કપડવંજ** | કપડવંજમાં કુબેરજી મહાદેવથી પ્રસ્થાન પામેલી ભગવાન પરશુરામની ભવ્ય શોભાયાત્રામાં બ્રહ્મ સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં પરંપરાગત વેશભૂષામાં જોડાયા હતા. શહેરના વિવિધ રાજમાર્ગો પર શોભાયાત્રાનું ઠેર-ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને ખુલ્લા પગે રથ ખેંચતા શ્રદ્ધાળુઓ માટે રસ્તા પર પાણીનો છંટકાવ કરાયો હતો. આ આસ્થાના પર્વમાં ભગવાન પરશુરામને રથમાં બિરાજમાન કરી ભક્તોએ જય પરશુરામના નાદ સાથે સમગ્ર વાતાવરણને ગુંજવી દીધું હતું. 32 કોઠા વાવ પાસે આવેલ મોઢેશ્વરી માતાના મંદિરે પહોંચી બ્રાહ્મણોએ સમૂહ આરતી કરી આ યાત્રાનું ભક્તિપૂર્વક સમાપન કર્યું હતું.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજની જીવન શિલ્પ પ્રી-સ્કૂલમાં ગ્રેજ્યુએશન ડેની ભવ્ય ઉજવણી કરવામાં આવી




**કપડવંજ** | કપડવંજની જીવન શિલ્પ પ્રી-સ્કૂલમાં સિનિયર કેજીના વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉત્સાહ અને ભાવસભર વાતાવરણમાં ગ્રેજ્યુએશન ડે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે જુનિયર કેજીના બાળકોએ સુંદર ડાન્સ રજૂ કર્યો હતો અને સ્નાતક થતા વિદ્યાર્થીઓને શાળા તરફથી ગ્રેજ્યુએશન પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય રીનાબેન જોશીએ આ દિવસને બાળકોના સર્વાંગી વિકાસ અને આત્મવિશ્વાસનું પ્રતિબિંબ ગણાવી વાલીઓના સહયોગ બદલ આભાર માન્યો હતો. સંસ્થાના હોદ્દેદારો નીતિનભાઈ પટેલ, સિદ્ધાર્થભાઈ પટેલ અને જય ચોક્સી હાજર રહ્યાં હતાં.

### કપડવંજમાં સેવા સંઘ દ્વારા રૂ.14 લાખની નવીન એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ કરાયો

**કપડવંજ** | જગન્નાથ મંદિરના મહંત સ્વામી દિલીપદેવાચાર્ય મહારાજના હસ્તે પૂજન વિધિ સાથે કપડવંજ સેવા સંઘની નવીન એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મુંબઈના જનોડ એકડા મેડિકલ ટ્રસ્ટના સૌજન્યથી દિલીપભાઈ ચોકસી અને સરયુબેન શાહ દ્વારા આ સેવા માટે ₹14 લાખનું માતબર દાન પ્રાપ્ત થયું છે. આ પ્રસંગે સંઘના પ્રમુખ સમીરભાઈ કાંટાવાળા સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં રથયાત્રા પૂર્વે આ એમ્બ્યુલન્સને સેવામાં કાર્યરત કરાઈ હતી. આ નુતન સેવા સમગ્ર કપડવંજ પંથકના નાગરિકો માટે સ્વાસ્થ્ય સુવિધાઓની દ્રષ્ટિએ આશીર્વાદરૂપ બની રહેશે.



### નડિયાદની પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓને ડાન્સર કીરન લાઈએ પ્રેરિત કર્યા



**નડિયાદ** | નડિયાદની પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલમાં બ્રિટનના પ્રખ્યાત ફ્રીસ્ટાઇલ ડાન્સર અને 'બ્રિટન્સ ગોટ ટેલેન્ટ'ના ફાઇનલિસ્ટ કીરન લાઈ દ્વારા એક ખાસ ઇન્ટરેક્ટિવ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કીરન લાઈએ પોતાના હાઈ-એનર્જી પર્ફોર્મન્સથી વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કર્યા અને તેમને ડાન્સની વિવિધ ટેકનિકો તથા સ્ટેપ્સનું પ્રત્યક્ષ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ડાન્સ શીખવવાની સાથે તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં શિસ્ત, ખંત અને સમર્પણ સાથે અનુસરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

### આણંદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ખાતે ફાયર સેફ્ટી અને અવેરનેશ ટ્રેનિંગ યોજાઈ

**આણંદ** | આણંદ ઈન્સ્ટિટ્યૂટ ખાતે આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા 120 જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ફાયર અવેરનેશ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાયર ઓફિસર ધર્મેશ ગોરના માર્ગદર્શન હેઠળ સબ ઓફિસર અબ્દુલભાઈ ભથાણીયા અને ટીમ દ્વારા આગ બુઝાવવાની પ્રાથમિક પદ્ધતિઓ અને કટોકટી સમયે રેસ્ક્યુ કામગીરી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન કોલેજ કેમ્પસમાં સ્થાપિત ફિક્સ ફાયર સિસ્ટમનો ઉપયોગ કેવી રીતે કરવો તેનું પ્રેક્ટિકલ ડેમોસ્ટ્રેશન આપી સૌને માહિતગાર કરાયા હતા. યુવા પેઢીમાં ફાયર સેફ્ટી અંગે જાગૃતિ લાવવાના હેતુથી ફાયર બ્રિગેડ દ્વારા વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં આ પ્રકારની તાલીમ સતત આપવામાં આવે છે.



### પેટલાદની મોરડ પ્રાથમિક શાળામાં દાતા પરિવાર દ્વારા અદ્યતન વર્ગખંડનું ખાતમુહૂર્ત કરાયું

**પેટલાદ** | મોરડ પ્રાથમિક શાળામાં દાતા પરિવાર દ્વારા અદ્યતન વર્ગખંડનું ખાતમુહૂર્ત કરાયું હતું. સ્વ. હરમાનભાઈ ચતુરભાઈ પટેલના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે તેમના પરિવાર દ્વારા શાળાને અદ્યતન વર્ગખંડની ભેટ આપવામાં આવી છે. દાતા કમળાબેન પટેલ અને તેમની પુત્રીઓના વરદહસ્તે આ નવા વર્ગખંડનું વિધિવત ખાતમુહૂર્ત સંપન્ન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે SMC અધ્યક્ષ પુનમભાઈ પરમાર અને આચાર્ય મનીષભાઈ સુથાર સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. શાળા પરિવારે આ કાર્યમાં સંકલન કરનાર શિક્ષક પરેશભાઈ પટેલ અને દાતા પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



### ખેડા 108ના કર્મચારીઓએ અકસ્માતગ્રસ્ત દર્દીની રોકડ અને મોબાઈલ પરત કર્યા



**ખેડા** | ખેડાના કનેરા બ્રિજ પાસે અકસ્માત બાદ ખેડા 108ના પાયલોટ અંકિત મારવાડી અને EMT કલ્પેશ પરમારે ઇજાગ્રસ્તને તાત્કાલિક સારવાર આપી હતી. આ સારવાર દરમિયાન મળેલી ₹3410ની રોકડ, એન્ડ્રોઇડ મોબાઈલ અને મહત્વના દસ્તાવેજો સ્ટાફે સુરક્ષિત રીતે મેળવી લીધા હતા. આ તમામ કિંમતી વસ્તુઓ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીના સંબંધીને સોંપીને 108ના સ્ટાફે માનવતા અને પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

### નાર ગોકુલધામ ઇન્ટરનેશનલ કેમ્પસમાં ઘનશ્યામ પ્રિ-સ્કૂલના ભૂલકાઓનો પદવીદાન સમારોહ યોજાયો



**પેટલાદ** | ગોકુલધામમાં 'આજકી ઉપલબ્ધિ, કલ કી ઉડાન' થીમ હેઠળ કાર્યક્રમમાં બાળકોએ નૃત્ય-નાટિકાઓ દ્વારા પર્યાવરણ સુરક્ષા અને શિક્ષણ જેવા સામાજિક સંદેશાઓ સુંદર રીતે રજૂ કર્યા હતા. મુખ્ય મહેમાન દાતા શશીકાંતભાઈ પટેલ અને સંતોના હસ્તે બાલવાટિકાના વિદ્યાર્થીઓને ડિગ્રી સર્ટિફિકેટ તથા મેડલ એનાયત કરાયાં હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વાલીઓએ પ્રશંસા કરી હતી, જ્યારે વિદ્યાર્થીઓએ પણ મંચ પરથી પોતાના અનુભવો રજૂ કર્યા હતા. સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા શુકદેવ સ્વામીજી અને હરિકૃષ્ણ સ્વામીજીએ આ ભવ્ય સફળતા બદલ સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

### જીસેટ કોલેજમાં 'સેમિકન્ડક્ટર ટેકનોલોજી' પર દ્વિ-દિવસીય સિમ્પોઝિયમ યોજાયું

**આણંદ** | ચારુતર વિદ્યામંડળ સંચાલિત જીસેટ કોલેજના ઇલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન વિભાગ દ્વારા eInfochipsના સહયોગથી સેમિકન્ડક્ટર ક્ષેત્રના અદ્યતન પ્રવાહો પર બે દિવસીય વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ સિમ્પોઝિયમમાં ઉદ્યોગ નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને VLSI ડિઝાઇન, ચિપ ફેબ્રિકેશન અને AI હાર્ડવેર જેવા મહત્વના વિષયો પર પ્રાયોગિક અને ટેકનિકલ જ્ઞાન પૂરું પાડ્યું હતું. ઉદ્ઘાટન પ્રસંગે મહાનુભાવોએ વિદ્યાર્થીઓને સંબોધતા દેશની ટેકનોલોજીકલ આત્મનિર્ભરતા માટે આ ક્ષેત્રના વધતા મહત્વ અને ભવિષ્યની ઉજ્જવળ તકો વિશે પ્રેરણા આપી હતી.



### કપડવંજમાં 'સંસ્કૃત સંવાદ શિબિર'નું આયોજન વ્યાકરણ વગર સંસ્કૃત શીખવાની સુવર્ણ તક

**કપડવંજ** | શહેરના નાગરિકો માટે સંસ્કૃત ભાષા શીખવાના હેતુથી 10 દિવસીય 'સંસ્કૃત સંવાદ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર પહેલી મે, 2026 સુધી દરરોજ સાંજે 4થી 6 વાગ્યા દરમિયાન યોજાશે. આ શિબિરનું સ્થળ રત્નાકર માતા રોડ પર આવેલી એલ. એમ. શારદા મંદિર રાખવામાં આવ્યું છે. આ કાર્યક્રમની ખાસિયત એ છે કે તેમાં સહભાગીઓને કઠિન વ્યાકરણ વગર જ સરળતાથી સંસ્કૃત બોલતા શીખવવામાં આવશે. નિષ્ણાત શિક્ષકો દ્વારા ગીતો, રમતો, સંવાદો અને વાર્તાઓ જેવા મનોરંજક માધ્યમોથી પ્રાયોગિક શિક્ષણ આપવામાં આવશે. આ શિબિરમાં 13 વર્ષ કે તેથી વધુ વયના તમામ વ્યક્તિઓ પ્રવેશ મેળવી શકશે. આ સમગ્ર આયોજન વિભાગ સંયોજક ઇન્દ્રવિજયસિંહ પરમાર અને સંસ્કૃત કાર્યકર્તા પન્નાબેન દ્વારા કરવામાં આવ્યું છે. સ્થાનિક નાગરિકોમાં આ શિબિરને લઈને અત્યારથી જ ભારે ઉત્સાહ અને રુચિ જોવા મળી રહી છે. આ પ્રયાસનો મુખ્ય ઉદ્દેશ્ય દેવવાણી સંસ્કૃત ભાષાનો પ્રચાર-પ્રસાર કરવાનો અને લોકોમાં તેના પ્રત્યે લગાવ વધારવાનો છે.